

સપ્તમ પીઠાધીશ્વર
પૂ.પા.ગો.૧૦૮ શ્રી બ્રજેશકુમારજી મહારાજશ્રી
(કામવન-રાજકોટ)

"શ્રી મદનમોહન પ્રભુ વિજયતે"

**સપ્તનિધી શ્રી મદનમોહન પ્રભુ કામવન સંગ સુરતમાં બિરાજમાન નિધિ શ્યામલાલ પ્રભુના દિવ્ય અલૌકિક છપ્પનભોગ મનોરથ તા. ૭-૩-૨૦૨૧ ને રવિવાર ના રોજ નિશ્ચિત કરેલ છે.**

આ મહામહોત્સવ સપ્તમપીઠ ગાદીપતિ ગો.સ્વામી ૧૦૮શ્રી બ્રજેશકુમારજી કામવન-રાજકોટ તથા ષ્ઠપીઠ ગાદીપતિ ગો.સ્વામી શ્રી વલ્લભરાયજી મહારાજ સુરતની અધ્યક્ષતામાં છપ્પનભોગ મનોરથ નિશ્ચિત કરેલ છે. આ છપનભોગનો અલૌકિક ભાવ શું છે તથા તેનું મહાત્મ્ય શું છે એ આપણે સૌ જાણીએ.

# સર્વપ્રથમ છપ્પન ભોગ

પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકામાં શ્રી ગુસાંઇજીએ સંવત ૧૬૧૫માં સર્વપ્રથમ છપ્પનભોગ માગશર સુદ પૂર્ણિમાના દિવસે પોતાના મોટા પુત્ર શ્રી ગિરિધરજીના વિવાહ પછી શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજીને સમર્પિત કર્યો હતો. 'મહોત્સવ હોત શ્રી વિઠ્ઠલનાથ કે' કીર્તનમાં શ્રી માનિકચંદજીએ આ પ્રથમ છપ્પનભોગનું વર્ણન કર્યુ છે. આ પ્રસંગની યાદમાં આજે પણ દર વર્ષે માગસર સુદ ૧૫ (પુનમ)ના દિવસે શ્રીનાથજીને છપ્પનભોગ ધરાવવામાં આવે છે, આરોગાવામાં આવે છે. ત્યારથી આજ દિવસ સુધી આ મહોત્સવ ઉત્સવ પરંપરા પ્રમાણે છપ્પનભોગ શ્રી ઠાકોરજીને સમર્પિત કરવામાં આવે છે. છપ્પનભોગ મહોત્સવની ભાવના અને પ્રકારના વિષયમાં શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી અને શ્રી પુરુષોત્તમજી જેવા મહાનુભાવોએ પોતાના ભાવો વ્યકત કર્યા છે. છપ્પનભોગની તે વિશિષ્ટ ભાવનાત્મક ભાવનાઓને જાણ્યા વગર અને વધુમાં વધુ જાણવાની ઈચ્છા રાખ્યા વગર આજે અનેક લોકો કેવળ અનુકરણ કરવાની દ્રષ્ટિએ જ છપ્પનભોગ નામનો દુરૂપયોગ કરતાં જણાય છે. કારણ કે પુષ્ટિ સંપ્રદાય સિવાય અન્યત્ર કયાંય પણ ભાવનાત્મક સ્વરૂ વિચારને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું જ નથી અને જો ભાવનાત્મક સંગતીનો જ અભાવ હોય તો ઔચિત્યની વાત જ શું કરવી ? છપ્પનભોગ કેવળ સામગ્રી પ્રધાન મહોત્સવ નથી, પરંતુ ભાવનાપ્રધાન છે. જુદા જુદા દેવતાઓની સાથે 'શ્રી' નામ જોડવામાં આવે છે. ત્યારે કેવળ સામગ્રી પ્રદર્શનોનું જ સ્વરૂપ રહી જાય છે. અજ્ઞાની માણસો એમ માને છે કે છપ્પનભોગમાં (૫૬) પ્રકારની સામગ્રી ધરાવવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં એવું નથી. પુષ્ટિસંપ્રદાયમાં તે સખડી, અન્નસખડી, દૂધઘર, શાકઘર, વિગેરે અનેક વિભાગોમાં ત્રણસો પચાસ(૩૫૦)થી પણ વધારે પ્રકારની સામગ્રી સિદ્ધ કરવામાં આવે છે. ફકત છપ્પન(૫૬) પ્રકારની નહીં.

**અખ્યાચિકાઓ :**

શ્રીમદ્ ભાગવત તેમજ ગર્ગસંહિતામાં છપ્પનભોગ અંગેની આખ્યાચિકાઓનું સુંદર નિરૂપણ છે. અહીં ટૂંક સાર જ છે.

### છપ્પન ભોગ :

છપ્પન ભોગ એટલે શ્રી ઠાકોરજીને ધરાવવાની છપ્પન પ્રકારની સામગ્રી. આ બહુ ઉત્તમ પ્રકારની ભોજનની સામગ્રી હોય છે. તે ભોગ રૂપે (નૈવેદ્ય) શ્રી ઠાકોરજીને ધરાવાય છે.

ભગવદ્ ગોમંડળના આધારે છપ્પનભોગ એટલે દુનિયાના બધા ભોગવિલાસ અત્યંત સુખ અને આનંદની ચરમસીમા આ શબ્દપ્રયોગ સૂચવે છે.

વૈષ્ણવોમાં છપ્પન પ્રકારની સામગ્રી કરી ઠાકોરજીને ધરાવવાનો ઉત્સવ રંગબેરંગી છે. ભગવદ્ ગોમંડળમાં વિવિધ અર્થો આપ્યા છે.

### છપ્પન ભોગ ભાવનાની સમજણ :

ભગવાનની લીલા સૃષ્ટિમાં સાધનાત્મક અને ફલાત્મક એમ બે પ્રકારની ભગવાનની સેવા નિરૂપણ, આર્ષ ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. એમાં છપ્પનભોગનો પ્રકાર વિશિષ્ટ પ્રકારનો, અદ્વિતીય અને અપૂર્વ મહત્વ ધરાવે છે. માગશર માસના વ્રતોનું નિરૂપણ કરતાં નારદજી બહુલાશ્વ રાજાને નારદપુરાણમાં વર્ણવે છે કે षट्पंचाशतैः भोगः कुर्यात् सेवां समाहितः આ પ્રકારનું વર્ણન નારદ પંચરાત્ર આગમોમાં પણ ઉપલબ્ધ છે.

### છપ્પનભોગ – યજ્ઞ સ્વરૂપ :

પુષ્ટિસંપ્રદાયમાં ભગવાનની સેવાનો ક્રમ સુનિયોજિત કરતી વખતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પાંચરાત્ર આગમ, વૈખાનસ આગમ અને વેદમિશ્ર ભાગવત પરંપરાઓમાંથી નિષ્કર્ષ ગ્રહણ કર્યો છે. સમગ્ર ઉત્સવક્રમમાં અને નિત્ય સેવામાં એનું સમપ્રમાણ સ્વરૂપ દ્રષ્ટિગોચર થાય છે. આ ઉત્સવક્રમમાં જ છપ્પનભોગ મહોત્સવનો વિશિષ્ટ પ્રકાર આવે છે. પરમભાગવત વિચારશ્રેણીની દ્રષ્ટિમાં છપ્પનભોગનું આધિદૈવિકાદિ મહત્વનું આગળ નિરૂપણ કરવામાં આવ્યું છે, વેદ મિશ્ર વિચારધારાનુસાર છપ્પનભોગનું સ્વરૂપ વૈદિક સોમયાગના જેવું જ છે. વાસ્તવિક રીતે તપાસીએ તો સમગ્ર સેવાક્રમ જ યજ્ઞાત્મક પ્રતીત થાય છે.

પરંતુ છપ્પનભોગ વગેરેમાં અગ્નિહોત્ર અને યાગનો એટલો ફેર પડે છે, જેટલો યજ્ઞમાં સ્વાહાના સ્થાને વૌષટ્ શબ્દ પ્રયોગથી આહુતિ આપવાથી પડે છે. ષડ્ઋતુમાર્તંડ, નામના ગ્રંથમાં કવિકલાનિધિ શ્રી કૃષ્ણભટ્ટજીએ વિસ્તારથઈ છપ્પનભોગરૂપી યજ્ઞાત્મક સ્વરૂપોમાં યજમાન, હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા, આચાર્ય વગેરે સોમયજ્ઞના અંગોની સંગતિ કેવી રીતે કરવામાં આવે છે તેની ચર્ચા કરેલી છે. અર્થાત સંક્ષેપમાં એટલું જ કહેવું ઉચિત ગણાય કે છપ્પનભોગ અને સોમયજ્ઞ એ અભિન્ન યજ્ઞસ્વરૂપો છે. છપ્પનભોગ સ્વરૂપમાં શ્રી આચાર્યચરણે આ બન્ને યજ્ઞસ્વરૂપોને સમજાવ્યા છે અને પ્રભુચરણ શ્રી ગુંસાઈજીએ આ વિશિષ્ટ ભાવનાત્મક પ્રકારને ખૂબ જ પ્રાધાન્ય આપી મહત્વ વધાર્યુ છે. યજ્ઞસ્વરૂપશ્રી ઠાકોરજી સ્વયં બિરાજે છે. રમકડાં વગેરે મુનિઓ છે, કીર્તન ગંધર્વવાદન છે, છડીદાર વગેરે કિંન્જરાદિ છે, પ્રધાન પ્રતિષ્ઠિત દેવતા શ્રીનાથજી સાત નિધિ છે.''

છપ્પન ભોગની સામગ્રી પાયસ વગેરે ઘી, સાકર, તેલ, અડદ, જવ વગેરે બધાનો હવન સામગ્રી તરીકે ઉપયોગ કહેવાય છે. બાળક યજમાન અને અન્ય બાળકોને આરોગાવું તર્પણ માર્જન છે.

મુખિયાં, ભીતરિયાની વિદાય, દર્શન ખોલવા અને આરતીપુષ્પાંજલિ છે, પ્રસાદ વિતરણ પ્રતિષ્ઠા છે. અન્ન યજ્ઞ પ્રધાન મહોત્સવ છે. આ ભોગનું વિશેષ પદ જેમાં જિમન્હાર નો ભાવ છે. આ મહોત્સવ શ્રી વૃષભાનુજીની તરફનો મનોરથ છે.

શ્રી ગિરિરાજજીનો છપ્પનભોગ સન ૧૯૫૪ થી વિશેષરૂપે શરૂ થયો હતો.સાથે સમસ્ત વ્રજમંડળને

પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રિત કર્યા. આ સમય દરમ્યાન બ્રહ્માજીએ સંકેત નામના સ્થાનમાં શ્રીકૃષ્ણ અને રાધિકાજીના વિવાહ કરાવી દીધા, એટલે હવે 'ભોજને વિવાહઃ' નિમિત્તના ભોજનનું સ્વરૂપ લીધું. શ્રીનંદરાયજી સમસ્ત વ્રજ ચોરાસી કોસના મંડળ સહિત ભોજન માટે પધાર્યા. સમસ્ત વ્રજમંડળના ભાવને વ્યક્ત કરવા માટે અહીં છપ્પનની સંખ્યાનો નિર્દેશ કર્યો છે. ભગવાન શ્રી વૃષભાનુજીને ત્યાં સપરિવાર પધાર્યા હતા અને છપ્પન ભોગ આરોગ્યા હતા. એ ભાવને ધ્યાનમાં રાખી છપ્પનભોગના મનોરથને સમયે શ્રી નંદરાયજી, યશોદાજી, રોહિણીજી, બલરામજી, વૃષભાનજી, કીર્તિજી વગેરે જુદા જુદા સ્વરૂપોના જુદા જુદા સિંહાસનો પધરાવામાં આવે છે અને ખાસ શ્લોકો બોલવામાં આવે છે.

વ્રજને કમળના આકાર સ્વરૂપ માનવામાં આવે છે, જેમાં પ્રથમ આઠ પાંખડીઓ છે, પછી સોળ અને ત્યારબાદ બત્રીસ પાંખડીઓ છે. ૮+૧૬+૩૨ નો સરવાળો ૫૬ થાય છે. બધી મળી છપ્પન પાંખડીઓ થાય અને એનાથી યુક્ત આ વ્રજમંડળ છે. આમ વ્રજમંડળની ભાવના વ્યક્ત કરવા છપ્પનની સંખ્યા રાખવામાં આવી છે. વ્રજમંડળના બધા સ્થાનોને વિસ્તારથી એક લેખમાં સમજાવી શકાય નહીં. એટલે અત્રે તો એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે સમગ્ર વ્રજમંડળ આ છપ્પનની સંખ્યા અને છપ્પનભોગનું આધ્યાત્મિક મહત્વ છે.

### આધિદૈવિક

જ્યારે ગુસાંઇજી શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીનાથજીને છપ્પનભોગ સમર્પિત કર્યો હતો ત્યારે ઉક્ત ભાવનાઓની સાથે પુષ્ટિસૃષ્ટિસ્વરૂપ ભાવનાને પણ એમાં સંમિલિત કરી હતી. 'શ્રી વિઠ્ઠલેશ નામાવલિમાં 'षट् पश्चाशत: भोग कर्ता' એવું વિશેષણ એમના માટે મળે છે. અહીં ષટ્ પદ યજ્ઞના વૌષટ્ પદની સાથેના ભાવૈક્યનું સૂચક છે. આ યજ્ઞાત્મક સેવા ભાવનામાં શ્રી ગોવર્ધનધર પ્રભુ સહિત મુખ્ય રાસના પ્રથમ મંડળના આઠ સ્વરૂપો :

(૧) શ્રી ગોવર્ધનનાથજી (શ્રીનાથજી) (૨) શ્રી નવનીત પ્રિયાજી (૩) શ્રી મથુરાનાથજી (૪) શ્રી વિઠ્ઠલનાથજી (૫) શ્રી દ્વારિકાનાથજી (૬) શ્રી ગોકુલનાથજી (૭) શ્રી ગોકુલચંદ્રમાજી અને (૮) શ્રી મદનમોહનજી.

પુષ્ટિમાર્ગ પ્રભુસમર્પણ - શરણ - અનન્યતાની સાથે રંગીન ભક્તિમય જીવનનો માર્ગ છે, પુષ્ટિમાર્ગના ઈષ્ટદેવ ભગવાન શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજીનું જીવન ભક્તિમય રંગીન જીવનનો વિશ્વ માટે આદર્શ છે. પુષ્ટિ માર્ગમાં આ રંગીનતાથી પાંચ લલિતકળાઓ સંગીત, વેષભૂષા, ચિત્રકળા, ફળફૂલોની સજાવટ અને પાકશાસ્ત્રનો સમુદ્ધાર થયો અને જીવન રંગીન - આનંદમય ખુશહાલ - તંદુરસ્ત - સુખમય બનાવવાનું માર્ગદર્શન વૈષ્ણવો દ્વારા વિશ્વના લોકો ને મળે એવો સુંદર ભક્તિમાર્ગ આવિષ્કૃત થયો.

પાકશાસ્ત્રનો વિચાર સોળે કળાએ છપ્પન ભોગમાં જોવા મળે છે. વિશ્વના કોઈપણ ધર્મમાં કે પાકશાસ્ત્રના પુસ્તકોમાં છપ્પનભોગના જેવો વાનગીઓનો સમૃદ્ધવિચાર જોવા મળતો નથી. આપણા વૈષ્ણવ પૂર્વજો માટે આ ગૌરવની ઘટના છે. તેઓની કલ્પનાશક્તિ અને કલ્પનાને સાકાર કરવાના અદ્ભુત સામર્થ્યનું દર્શન છપ્પનભોગ વિચારમાં આપણને જોવા મળે છે. ખેતીપ્રધાન દેશ ભારતમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાત - રાજસ્થાનમાં કેટલી વિશાળ ખેતી હશે અને પ્રજા ધન-ધાન્યથી કેટલી બધી સમૃદ્ધ હશે કે જેથી ધર્માચાર્યો આ છપ્પનભોગનો વિચાર સાકારિત કરી શક્યા. છપ્પનભોગની વાનગીઓમાં આહારશાસ્ત્રનો પણ વિચાર છે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સાત્વિક આહારનું વર્ણન આયુઃ સત્વબલારોગ્યસુખ પ્રીતિ વિવર્ધનાઃ ૧૭મા અધ્યાયમાં શ્લોક ૮માં આવ્યું છે તે સંપૂર્ણપણે છપ્પનભોગની વાનગીઓને સ્પર્શે છે.

છપ્પનભોગની વાનગીઓના દર્શન - વૈષ્ણવના મનને પ્રસન્ન કરે છે, હૃદય ભાવવિભોર થાય છે. તેની ભવ્યતા અને વિવિધતા જોઇને ભલભલા દેશી - વિદેશી વિદ્વાનો વિચારકો મંત્રમુગ્ધ થઇ જાય તેવું છે. બહુવિધ વાનગીઓના દર્શન કરતાં મન ધરાતું નથી, નજર ઠરી જાય છે, જાણે જોયા જ કરીએ. એમ લાગે છે જાગૃત ભાવસમાધિનું દર્શન છપ્પનભોગના નજારામાં દર્શનમાં છે.

ભોગ પ્રભુને સમર્પણ કરી પછી ભોગવવાનો છે. તેન ત્યકતેન ભુંજીથા: આ ઉપનિષદોની વિભાવનાની શીખ શ્રીમહાપ્રભુજી માનવસમાજને છપ્પનભોગ - અન્નકૂટ વગેરે દ્વારા સહજ રીતે આપે છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં વલ્લભસંપ્રદાયની આ પણ એક અનુપમ ભેટ છે.

### છપ્પન ભોગની તવારીખ :

૧) સં. ૧૫૫૯ કારતક વદ ૧૧ શ્રી મહાપ્રભુજી જગન્નાથપુરીમાં પધાર્યા હતા ત્યારે ધરાવ્યો હતો.

૨) સં. ૧૬૧૪ માગસર સુદ પુનમ-૧૫ શ્રી ગોસાંઇજીએ છપ્પનભોગ શ્રીનાથજીને ગિરિરાજ ઉપર ધર્યો.

૩) સં. ૧૭૯૦ (ઇ.સ.૧૭૩૩) પૂજ્ય તિલકાયતજી શ્રી ગોવર્ધનજીએ સાતે સ્વરૂપને શ્રીનાથજીમાં પધરાવ્યા અને છપ્પનભોગ ધરાવ્યો.

૪) સં. ૧૮૭૭ (ઇ.સ.૧૮૨૦) પૂજ્ય તિલકાયતજી શ્રી દામોદરજીએ સાત સ્વરૂપને પધરાવ્યા અને છપ્પન ભોગ ધરાવ્યો.

૫) માગસર સુદ ૧૫ના રોજ છપ્પનભોગ પ્રતિવર્ષ શ્રી નાથદ્વારામાં થાય છે.

૬) ગો. સ્વામી ૧૦૮ નિત્યલીલાસ્થ શ્રી ઘનશ્યામલાલજી મહારાજ કામવન રાજકોટની અધ્યક્ષતામાં છપ્પનભોગ શ્રી મદનમોહનપ્રભુને વર્ષ-૧૯૭૭, ૧૯૮૪, ૧૯૮૬, ૧૯૯૦, ૧૯૯૮, ૨૦૦૦, ૨૦૦૪, ૨૦૦૮, ૨૦૦૯ થયેલ છે.

### છપ્પનભોગની શરૂઆત :

ઇન્દ્રરાજાને પ્રસન્ન કરવા યજ્ઞ કરવામાં આવતો. શ્રી કૃષ્ણે આ પ્રથા બંધ કરાવી પોતે અન્નકુટ આરોગ્યા, વ્રજભકતોએ કહ્યું કે સામગ્રી ઓછી છે. તો પ્રભુએ કહ્યું, ‘‘તમારા હાથે જ શ્રી ગિરિરાજજીની નિકુંજમાં છપ્પન ભોગ આરોગીશ.’’

ત્યારબાદ વૈષ્ણવ સંપ્રદાયમાં મનાય છે કે શ્રી ગિરિરાજજીમાં મનોરથ સ્વરૂપે શ્રી ગુસાંઇજીએ સંવત ૧૬૧૫માં પ્રથમ છપ્પનભોગ માગશર સુદ પુનમના દિને આરોગાવ્યો. એ રીતેદર વર્ષે માગશર સુદ પુનમે શ્રીનાથજીને છપ્પનભોગ આરોગાવામાં આવે છે. સં. ૧૬૧૫માં આ મનોરથ મુખ્ય ૫૬ સખીઓએ જ કરેલો છે. ૩૨ સ્વરૂપ સખીજનોનાં અને ૨૪ પટરાણીઓનાં બન્યા છે. મનોરથ એટલે મનમાંથી ઉદ્‌ભવે તે.

શ્રી ગુસાંઇજીના પ્રથમ છપ્પન ભોગ માટે કેટલાક સંવત ૧૬૧૪ની સાલ પણ માને છે. પણ સર્વસાધારણ મત સંવત ૧૬૧૫ની સાલ માટે છે.

### અન્નકુટ અને છપ્પનભોગમાં ફેર :

(૧) અન્નકુટ કારતક સુદ-૧ અથવા તેના પછીના થોડા દિવસોમાં થાય છે, જ્યારે છપ્પનભોગ ક્યારે પણ થાય છે.

(૨) અન્નકુટમાં સામગ્રીનું પ્રમાણ નાનું હોય છે અને સખડીનો ઢગ કરવામાં આવે છે જ્યારે છપ્પનભોગમાં વધારેમાં વધારે સામગ્રી હોય છે અને સખડી એ થાળમાં જ ધરાય છે.

(૩) અન્નકુટમાં સિંહાસન પાસે અણસખડી અને પછી સખડી ધરાય છે. જ્યારે છપ્પનભોગમાં સહાસન પાસે એક ચાંદીના થાળમાં સખડી ધરાય. તેની બન્ને બાજુએ વિવિધ પ્રકારના સંધાના, કચરિયા,

ભુંજાના, તેની બાજુમાં સુકો મેવો, લીલો મેવો, મધ્યમાં દૂધ ઘરની સામગ્રી, ખાંડઘરની સામગ્રી, ખેલવાના ધરવા અને પછી અણસખડી આવે. તેમાં સૌ પ્રથમ મટકીમાં શીરો, લાપસી તથા ઘીવાળી સામગ્રી પછી ૫૬ વિવિધ સામગ્રી. છેલ્લે ૫૬ કિલોનાં એક એવા બે મોહનથાળ અને બુંદીના લાડુ ધરવા.

(૪) શ્રી દાઉજી મહારાજે શ્રી દામોદરજી મહારાજને કહ્યું હતું કે 'અન્નકુટમાં બધાં સ્વરૂપો પધારે છે ત્યારે શ્રીજી ભાવભક્તિનથી સૌના સ્વાગતમાં હોય છે, માટે શ્રીજી અન્નકુટ આરોગી શકતા નથી, પણ છપ્પનભોગમાં કોઈ સ્વરૂપ પધારતું નથી, તેથી શ્રીજી એકલાજ આરોગે છે.'

## સામગ્રીની સમજ

(૧) દૂધઘર -દૂધની માવાની સામગ્રી દૂધઘર કહેવાય. માખણ મીસરી, દહીં, મલાઇ, શ્રીખંડ, બાસુંદી વ. નો સમાવેશ દૂધઘરમાં થાય છે.

(૨) નાગરી - ઘી, લોટ અને ખાંડથી સિદ્ધ થતી (બનતી) સામગ્રી નાગરી કહેવાય છે. જળ, દૂધ કે દહીંનો એમાં જરાપણ ઉપયોગ થઇ શકે નહ.

(૩) અણસખડી - દહીંમાં સિદ્ધ થએલ અણસખડી સામગ્રીમાં મીઠા ને બદલે સધવ નાંખવામાં આવે તે સામગ્રી અણસખડી જ ગણાય છે. ઘી, લોટ, ખાંડ અને જળ કે દૂધ દહીંથી સિદ્ધ થતી સામગ્રી અણસખડી ગણાય છે.

(૪) સખડી - તેલ, મીઠું, મસાલા વગેરે જેમાં પડ્યા હોય તેવી તેમજ દાળ, ચોખા વિગેરે અનાજથી સિદ્ધ થતી સામગ્રી સખડી ગણાય છે. તેલ અને મીઠું ભેગા થાય તો તે સામગ્રી સખડી ની ગણાય.

(૫) ફળાહાર - એકાદશી કે જયંતિ વ્રતમાં ફળાહારની સામગ્રી ઘી અને સધવથી સિદ્ધ કરવી. ફળાહારમાં મોરિયો, શીંગોડા, રાજગરો, શીંગ, કુટીનો ડારો, સુકો મેવો, ફળ, રતાળુ, શક્કરિયાં, બટાકા, સૂરણ, દૂધી, કાકડી, ભીંડા, પોઇના પાન, પરવળની સામગ્રી સિદ્ધ કરી શકાય.

## છપ્પન ભોગની વિશેષતા

અન્નકુટમાં અમુક સામગ્રી અમુક પ્રમાણમાં જ આરોગાવાય છે, ચોક્કસ પ્રમાણ ખાંડ તથા ઘીનું નક્કી કરેલું હોય છે, જ્યારે છપ્પન ભોગમાં આ સામગ્રીનું પ્રમાણ કંઇ પણ પ્રમાણ હોતું નથી. બને તેટલી વધારે ને વધારે જ અને વધુમાં વધુ પ્રકારની ધરવાની હોય છે. કોઇ જાતનો ચોક્કસ નેગ હોતો નથી, અન્નકુટમાં સખડીનું પ્રાધાન્ય મુખ્ય અને મોટા પ્રમાણમાં આવે છે સખડીનો મોટા (કોટ) ઢગ થાય છે, ત્યારે છપ્પન ભોગમાં મુખ્ય અન્ન સખડી સામગ્રીનો મોટામાં મોટું પ્રમાણ હોય છે અને સખડીનો માત્ર એક જ થાળ ધરાય છે, આવી જ રીતે બીજી સામગ્રીનું સમજવું, અન્નકુટ એ નંદરાયજીના ઘરનો ભોગ છે. જ્યારે છપ્પન ભોગ તે સખીજનોના હૃદયના ભાવનાનો ભોગ છે. અન્નકુટ અમુક દિવસે કારતક સુદ એકમ અને તે પછીના થોડા જ દિવસમાં થાય છે, જ્યારે છપ્પન ભોગનો મનોરથ ગમે ત્યારે થઇ શકે છે.

## સામગ્રીની સજાવટ

પ્રથમ છપ્પન ભોગ આરોગવા શ્રી ઠાકોરજી પધારે ત્યારે આપની સાથે ચૌદ ભાવનાજીના સ્વરૂપોનાં દરેક જુદાં જુદાં સહાસન પધરાવવામાં આવે છે તે સર્વે ભાવનાજીના શય્યાજી પલંગડીયો પણ ન્યારી ન્યારી સિદ્ધ કરવામાં આવે છે, આ ચૌદ ભાવનાજીમાં (૧) શ્રી નંદરાયજી (૨) શ્રી યશોદાજી (૩) શ્રી વૃષભાનજી (૪) શ્રી કીર્તીજી (૫) શ્રી બળભદ્રજી (૬) શ્રી રેવતીજી (૭) શ્રી લલિતાજી (૮) શ્રી ચંદ્રાવલીજી (૯) શ્રી યમુનાજી (૧૦) શ્રી નાથજી વિગેરેને ભાવનાથી પધરાવાય છે. સહાસન આગળ સૌથી પ્રથમ ચાંદીના થાળમાં (૧) સખડી (૨) દાળ (૩) ઘૃતપાત્ર (૪) શાક વિગેરે સખડી સામગ્રી ધરવામાં આવે છે,

તેની બંને બાજુ પર ત્રિવિધ પ્રકારનાં - સંધાના - બાફણાં - કચરીયાં ભુજેનાં - વગેરે ધરી તેની આગલ બાજુમાં સુકો મેવો - લીલો મેવો - તરમેવો - ધરવામાં આવે છે. તેની આગળ અનેક પ્રકારના બીલસારૂ - મુરબ્બા - ચટણી - વગેરે ધરી પછી મધ્યમાં સખડી સામગ્રીની પંક્તિ પાછળ દુધ ઘરની સામગ્રી - ખાંડ ઘરની સામગ્રી - ખેલવણાં - નાગરી વગેરે ધરવામાં આવે છે પછી છેલ્લે બધી અન સખડી સામગ્રીની સજાવટ કરવી, અન સખડીમાં સૌથી આગળ મોટાં મટકામાં શીરો - લાપસી - અનેક પ્રકારની અત્યંત ઘીવાળી ચાસણીની સામગ્રી અને તે પછી દરેક પ્રકારના મોહન થાળ, બુંદી લાડું, સેવ, સકરપારા, જલેબી, ઠોર, મઠડી, પુરી, સુતરફેણી - દરેક જાતના મગસ, ઘેબર, સેવૈયા લાડુ, પુરણપુરી, થપડી, વેસણની અને મેંદાની અનેક જાતની સામગ્રી પધરાવવી, સામગ્રી પાકશાસ્ત્રના નિયમ અનુસાર છ પ્રકારની સિદ્ધ થાય છે (૧) ચૌષ્ય એટલે ચુસવાની, (૨) પય = એટલે પીવાય તે, (૩) લેહ્ય = એટલે ચાટવાની, (૪) ભોજ્ય = એટલે દાળ-ભાત-શાક વિગેરે. (૫) ભક્ષ્ય = એટલે લાડુ મોહનથાળ વિગેરે. (૬) ચવ્ય = એટલે ચાવવાની આ બધા પ્રકારની સખડી, અન સખડી, સામગ્રી બને તેટલી વધુમાં વધુ પ્રમાણમાં અને બને એટલા વધુ પ્રકારની સામગ્રી છપ્પન ભોગમાં આરોગે.

મંગળવારે કૂંડવારો થતો નથી. કૂંડવારામાં પણ અન્નકુટના કીર્તનો ગવાય છે. કૂંડાઓને હળદરથી રંગવામાં આવે છે અને હળદરનો ચોક પૂરી એમાં સામગ્રીના કૂંડા હારબંધ ગોઠવવામાં આવે છે. સખડી અને અણસખડીના અલગ ચોક પૂરાય છે. કૂંડા ઉપરાંત ટોકરા અને છાબમાં પણ સામગ્રી સાજવામાં (સજાવવામાં) આવે છે. કૂંડવારામાં કૂંડાની સંખ્યા નિશ્ચિત હોય છે. ઓછામાં ઓછા ૭ કૂંડાનો એક કૂંડવારો ગણાય છે અને બડા કૂંડવારામાં વધુમાં વધુ ૧૧૨ કૂંડા સુધી સામગ્રી ધરાવાય છે. કૂંડા ૭ ના ગુણાંકમાં એટલે કે ૧૪ અથવા ૨૧ અથવા ૨૮ અથવા ૩૫ એ રીતે ધરાવાય છે. કૂંડવારો શ્રી વલ્લભવંશજ ગોસ્વામી બાળકોની હાજરીમાં થાય છે.

**છપ્પનભોગ :**

અન્નકુટ અને કૂંડવારો શ્રી નંદરાયજીના ઘરના મનોરથો છે જ્યારે છપ્પનભોગ શ્રી ગોપીજનોના ભાવથી થતો મનોરથ છે. શ્રી વૃષભાનુજીના ઘરનો મનોરથ છે.

પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકામાં શ્રી ગુસાંઇજીએ સર્વ પ્રથમ મોટા પુત્ર શ્રી ગિરિધરજીના વિવાહ પછી વિં.સ. ૧૬૧૫ (ઇ.સ. ૧૫૫૯)માં માગશર સુદ ૧૫ના દિવસે શ્રી ગોવર્ધનનાથજીને છપ્પનભોગ ધરાવ્યો હતો. 'મહામહોત્સવ હોત શ્રી વિઠ્ઠલનાથ કે' કીર્તનમાં શ્રી માનિકચંદજીએ આ પ્રથમ છપ્પનભોગનું વર્ણન કર્યુ છે. આ પ્રસંગની યાદમાં આજે પણ દર વર્ષે માગશર સુદ ૧૫ ના દિવસે શ્રીનાથજીને છપ્પનભોગ ધરાવવામાં આવે છે.

આમ વિવિધ ભાવનાઓને લક્ષ્યમાં રાખી છપ્પનભોગ વર્ષમાં કોઇ પણ શુભ દિવસે ધરાવાય છે. શ્રી વલ્લભવંશીય ગોસ્વામી બાળકોને ત્યાં વિવાહ પ્રસ્તાવ કે કોઇ પણ માંગલિક પ્રસંગે પોતાના શિરે બિરાજતા શ્રી ને છપ્પનભોગ ધરાવવાની પરંપરા છે. લીલી વ્રજપરિક્રમા દરમ્યાન પણ ગોસ્વામી બાળકો, પોતાના શ્રી ને છપ્પનભોગનો મનોરથ કરાવે છે. આ મનોરથમાં સખડી સામગ્રીનું પ્રમાણ ઓછું અને અણસખડી (મીઠાઇ) સામગ્રીનું પ્રમાણ વિપુલ તેમ જ વિવિધતાસભર હોય છે. છપ્પનભોગનું માપ હાલ દેશી ઘીના ડબ્બાથી થાય છે. બે,પાંચ કે પચીસ ડબ્બા ઘીનો છપ્પનભોગ થાય છે. ઘીના પ્રમાણમાં અન્ય સામગ્રી વપરાય છે.

ભગવાન શ્રી વૃષભાનુજીને ત્યાં સપરિવાર પધાર્યા હતા અને છપ્પનભોગ આરોગ્યા હતા એ ભાવનાને ધ્યાનમાં રાખી છપ્પનભોગના મનોરથને સમયે શ્રી નંદરાયજી, યશોદાજી, રોહિણીજી, બલરામજી,

વૃષભાનુજી, કીર્તિજી વગેરે જુદા જુદા સ્વરૂપોના જુદા જુદા સિંહાસનો પધરાવવામાં આવે છે અનેખાસ શ્લોકો બોલવામાં આવે છે.

### સર્વપ્રકારની ભોગ સામગ્રી ધરાવતી વખતે દીપદર્શન મહિમા

પરમાત્મા સર્વ પ્રકારના જ્ઞાનનું ઉદ્દ્ભવસ્થાન અને જ્ઞાનને પ્રગટ કરનારા છે તેથી ઈશ્વરરૂપી દીપકની આરાધના કરવામાં આવે છે. જેમ પ્રકાશ અંધકારનો નાશ કરે છે તેમ જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે. આપણા સારાનરસા સર્વ કર્મોનો આધાર જ્ઞાન છે. તેથી જ શુભ પ્રસંગોમાં આપણા સર્વ વિચારો અને કર્મોની સાક્ષી રૂપે દીવો પ્રગટાવીએ છીએ.

### (૧) સાંપ્રદાયિક ગાથા

સારસ્વત કલ્પની એ ગાથા છે કે, પ્રથમ છપ્પન ભોગ સારસ્વત કલ્પમાં વ્રજ રત્નાઓએ રસિકરાય શ્રી નંદકુમારને શ્રી ગિરિરાજજીની નિકુંજમાં આરોગાવ્યો હતો પરંતુ મુખમાં તો અન્નકુટનો તે સમયમા ઈંદ્રયાગનો ઉત્સવ કારણભૂત બનેલો વ્રજના રાજા શ્રી વૃષભાનજી અને શ્રી નંદરાયજી તથા સર્વે ગોપ મળીને દર વર્ષે ઈંદ્રને પ્રસન્ન કરવા ઈંદ્ર યાગ કરતા તેમાં ઈંદ્રની પૂજા થતી ત્યાં સર્વે ગોપ મળીને દર વર્ષે ઈંદ્રને વિવિધ પ્રકારની સામગ્રી ભોગ ધરતા આ પૂજા પાછળ મેઘ રાજા ઈંદ્રની કૃપાથી સારી વૃષ્ટિકરે અને અનાજ સારૂં પાકે તેથી ગાયો વાછરડાં સુખી થાય એ હેતુ હતો શ્રી નંદરાયજીને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રકટ થયા બાદ આવા પ્રકારનો ઈંદ્ર પુજા રૂપી અન્યાય પ્રભુથી સહન થયો નહીં એટલે પોતે શી નંદરાયજી તથા અન્ય ગોપોને સમજાવીને પ્રતિ વર્ષ શ્રી ગિરિરાજજીનું પુજન તથા તેમને અન્નકુટ આરોગાવવાનો મહોત્સવ શરૂ કરાવ્યો અને શ્રી ગિરિરાજજીમિષે પોતે જ તે બધી સામગ્રી આરોગી તેવા દર્શન ત્યાં ગોપો અને વ્રજ ભક્તોને આપ્યાં, આ રીતે આ મહોત્સવ અન્નકુટ આરોગતા નિરખ્યા, એટલે કે સમસ્ત વ્રજજનોને તેના હૃદયમાં કંઈ કંઈ આવા નવા મનોરથોના તરંગો ઉછળવા લાગ્યા અને તે વ્રજકિશોર પાસે આવી વિનવવા લાગ્યા કે હે કૃપા સાગર ! જો આપ જ આ અન્નકુટ આરોગવાના હતા તો પ્રથમથી જ અમને કેમ કહ્યું નહીં ? તો અમો આનાથી પણ અધિક કંઈ કંઈ નવીન સામગ્રીઓ આપના માટે સિદ્ધ કરીને આરોગાવત. તે હવે અમારા હૃદયના કોડ મનમાં જ રહી ગયા તે હવે આપ ક્યારે પુર્ણ કરશો ? પ્રભુએ વચન આપ્યું કે જરૂર તમારા હાથની અન્નકુટથી પણ અધિક સામગ્રી છપ્પન ભોગ આરોગીશ; ત્યાર બાદ શ્રી ગિરિરાજજીની નીજ નિકુંજમાં મુખ્ય વ્રજ વનિતાઓએ બધાં સખીજનો સાથે મળીને પોતાના હાથે જ આ છપ્પન ભોગ શ્રી શ્યામસુંદરને આરોગાવ્યો, આ મનોરથ માત્ર (૫૬) મુખ્ય સખી જનોએ જ કરેલો છે; અને તેમણે તે સમયે જુદાં જુદાં સ્વરૂપ ધારણ કરેલાં છે. (૫૬) સખીમાંથી (૯) નવનંદ નવઉપનંદ છ વૃષભાનું અને આઠ સકા મલી (૯) (૯) (૬) (૮) કુલ (૩૨) સ્વરૂપ સખીજનોના થયાં અને બાકીના (૨૪)માં નંદનંદનની સ્ત્રીજનો નવઉપનંદનના સ્ત્રીજનો અને છ વ્રષભાનુઓની પટરાણીઓ મલી (૯) (૯) (૬) કુલ (૫૬) સખીજનોએ એકત્ર થઈ આ છપ્પન ભોગ પ્રભને આરોગાવ્યો, આ કથા બ્રહન્નારદીય પુરાણમાં માર્ગ શીર્ષ મહાત્મ્યમાં બ્રહ્માજી પ્રત્યે ભગવાને પોતે જણાવી છે તેમજ પદમ પુરાણમાં તથા સ્કંધપુરાણમાં તથા બ્રહ્મવૈવર્ત પુરાણમાં આ ઉત્સવનો વિધિ પણ દર્શાવવામાં આવ્યો છે.

### (૨) છપ્પન સખીની બીજી એક ભાવના

ઉપર પ્રમાણે છપ્પન સખીઓએ એકત્ર થઈ આ છપ્પન ભોગ આરોગાવ્યો તે સંબંધી બીજી પણ એક ભાવના પ્રાપ્ત થાય છે કે પ્રભુ હંમેશા કમળના સિંહાસન ઉપર બિરાજે છે, કોમળતાની દષ્ટિએ કમળને ટપી

જય તેવી બીજી કોઇ પણ એવી વસ્તુ છે જ નહીં, આ કમળમાં ત્રણ પડ હોય છે તેના પ્રથમ પડમાં આઠ બીજામાં સોળ અને ત્રીજામાં બત્રીસ પાંખડીઓ હોય છે એમ કુલ (૫૬) પાંખડીનું કમળ છે કમળની મધ્યમાં પ્રભુ પોતે બિરાજે છે અને દરેક દલ ઉપર એકેક સખીજન હોય છે, એમ આ છપ્પન દલ (૫૬) સખીજનોનાં જ સ્વરૂપો છે, શ્રી વ્રજ કમલની કમલાકાર ભાવનામાં પણ શ્રી વ્રજ કમલનાં (૫૬) દલ દર્શાવેલાં છે, એટલે આ દષ્ટિબદુથી પણ એ જ ફલિત થાય છે કે, આ છપ્પન ભોગ છપ્પન સખીઓનો જ મનોરથ છે.

(૩) બરસાનામાં છપ્પન ભોગ

આ છપ્પન ભોગના સમયે પ્રભુની સાન્નિધ્યમાં મુખ્યત્વે મહાનુભાવ ગદાધરદાસજીનું પદ છે તેમાં લખે છે કે ॥ શ્રી વૃષભાન સદન-ભોજનકો નંદાદિક સબ આયે હો ॥ એ કીર્તન અનુસાર શ્રી વૃષભાનજીને ત્યાં છપ્પન ભોગ થયાનું જણાય છે, અને તે નીચે મુજબની ભાવના સમજાય છે - શ્રી નંદકુમાર શ્રીકૃષ્ણચંદ્રજીનું લગ્ન વ્રજના રાજા શ્રી વૃષભાનજીનાં કુંવરી શ્રી રાધિકાજી સાથે થયું ત્યારે તેની જાન લઇને શ્રી નંદરાયજી બરસાના પધર્યા અને રૂડી રીતે લગ્ન કાર્ય સમાપ્ત કર્યું. શ્રી વૃષભાનજીએ લગ્ન નિર્વિઘ્ન પૂર્ણ થયા બાદ શ્રી નંદરાયજીનીજાનને ગૌરવ આપી જમાડવાનો મનસુબો કર્યો અને વરને ગૌરવ દેવામાં આ છપ્પન ભોગના મનોરથની યોજના કરી. જાનનો મુકામ ભાનોખર કુંડ ઉપર પડ્યો હતો, આ કુંડ ઘણો વિશાળ છે તથા કુંડની આસપાસ છુટી જગ્યામાં હજારોના સમુહનો ઉતારો થઇ શકે તેમ છે, આજ સ્થળે શ્રી વૃષભાનજીએ છપ્પન ભોગ શ્રી નંદરાયજીની જાનને આરોગાવ્યો, તેમાં શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી, શ્રી કીર્તીજી, વર કનયા, શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજી, શ્રી બળદેવજી, શ્રી રેવતીજી, શ્રી વૃષભાનજી, કુલ મળીને આઠ ॥ નવ નંદ નવ ઉપનંદ મળીને અઢાર, તેમની અઢાર પટરાણીઓ, છ વ્રષભાનું, અને (૬) તેની રાણીઓ મળી કુલ તેની છપ્પનની સંખ્યા થાય છે એ બધાને ગોરવ જમવા માટે નોતરૂં આપ્યું હતું તેથી પણ આ (૬) છપ્પન ભોગ મનાય છે. શ્રી નંદરાયજી અને શ્રી વૃષભાજીનું સહકુટુંબ જ્યારે પ્રસાદ લેવા બેઠા ત્યારે સમસ્ત વ્રજભૂમિને ભોજન અપાચું હતું વ્રજ એ નંદરાયજીનું ધામ છે તેથી તેમના જ ઘરની આ જાનને ભોજન આપવું જ જોઇએ, તે પ્રમાણે વ્રજના પ્રાણી માત્રને આ છપ્પન ભોગનો મહાપ્રસાદ મળ્યો હતો.

(૪) અધૂરી ભાવના નીચે મુજબ

આ છપ્પન ભોગમાં વેવાઇઓના ચરણારવદ ધરવા માટે નીચે વસ્ત્ર અને તેના ઉપર બીજું વસ્ત્ર બિછાવવામાં આવ્યાં હતાં ભોજન ગ્રહ અનેક વિધ સુગંધિત દ્રવ્યોથી ઘમઘમી રહ્યું હતું ॥ પાટલા બિછાવવાની જગ્યાએ રંગીન ચિત્રિત ચોક પુરેલાહતા. વિવિધ પ્રકારની સામગ્રી સુવર્ણ થાળ અને કનક કટોરામાં પીરસાઇ રહી હતી ત્યાં શ્રી વૃષભાનજી હાથ જોડી સર્વેને ભોજન લેવા વિનંતી કરે છે. જાન જમવા બેઠી છે તે વખતે વ્રજ વધુઓવ્હાહનાં ગીતો ગાયછે. સામગ્રીમાં સખડી અનસખડી - ઘૂધ ઘર - શાક સંધાનાં કંદ મુળ ફળફુલ સર્વેનો એટલો બધો મોટો વિસ્તાર હતો કે, પીરસતાં પીરસનારા પણ થાકી ગયાં. - આ પ્રકારે જાન જમાડી આચમન કરાવી બીડાં આપી વિદાય ગિરિમાં અનેક પ્રકારનાં વસ્ત્રો ધોતી ઉપરણા આદિ આભૂષણ ઘરેણાં વિગેરેથી ખુબ સંતુષ્ટ કરી વિદાય આપી, છેવટે રહેલું જુઠન ભગવદીય ગદાધરદાસજી ભાગ્ય માનીને ઉઠાવી ગયા.